## નિયામક, સમાજ સુરક્ષા ખાતુ

બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ગુજરાત રાજય,
ઈ - મેઈલ : dir-sd@gujarat. gov.in
CPD શાખા : dd2-dsd@gujarat.gov.in

નં.સસુખા/ CPD/૨૦૧૬-૧૭/ 03

તાઃ-૦૬ /૦૧/૨૦૧૭

પ્રતિ,
પ્રમુખ/મંત્રીશ્રી,
સર્વે સ્વૈચ્છિક નારીકેંદ્રો/ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ

વિષયઃ- અનાથાશ્રમ અને સખાવતી ગૃહ ( દેખારેખ અને નિયંત્રણ ) અધિનિયમ - ૧૯૬૧ની કલમ ૩૧(૨) અંતર્ગત લાયસન્સ મેળવવા બાબત.

સંદર્ભ:- મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૭/૧૦/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક:૭ / નરક્ષ / ૧૦૨૦૧૬ / ૧૬૧૭ / અ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નારીગૃહ / કેન્દ્રો ચલાવતી સંસ્થાઓ કે જેમાં ૧૮ વર્ષથી ઉપરની નિરાધાર / વિધવા સ્ત્રીઓ તથા ૧૬ વર્ષથી ઉપરની બહેનો જે સંસ્થાઓમાં આશ્રય લઇ રહેલ છે તેવા નારીગૃહો / નારીકેન્દ્રોની સંસ્થાઓને લાયસન્સ આપવા માટે / રદ કરવા / મુદત વધારવા વિગેરે તમામ હેતુ માટે અનાથાશ્રમ અને સખાવતી ગૃહ ( દેખારેખ અને નિયંત્રણ ) અધિનિયમ - ૧૯૬૧ની કલમ ૩૧(૨) અંતર્ગત લાયસન્સ ઓથોરીટી તરીકે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસને અધિકૃત કરવામાં આવેલ હોય સંસ્થાઓને લાયસન્સ આપવા માટે / રદ કરવા / મુદત વધારવા વિગેરે તમામ હેતુઓ માટેની દરખાસ્તો અત્રેની કચેરીને ન મોકલતા દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી મારફત અધિક કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક.નં-૨૦, મહિલા વિંગ, ભોંયતળીયે, જુના સચિવાલય, ગાંધીનગરને મોકલવવા જણાવવામાં આવે છે.

નાયબનિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય- ગાંધીનગર

નકલ રવાના:- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, તમામને જાણ સારૂ.